# તાલુકા પંચાયત કચેરી, માંડવી

તા.માંડવી, જિ.સુરત પીન-૩૯૪૧૬૦

ફોન નંબરઃ-૦૨૬૨૩-૨૨૧૦૨૪

**Email -:tdo-mandvi@gujarat.gov.in**


भारत 2023 INDIA

તાલુકા પંચાયત કચેરી માંડવી

નં.તા.પં/વહટ/ઓનલાઇન પોર્ટલ/અરજ/વશી.  /૨૦૨૪  તા.૧૭/૦૨/૨૦૨૪

પ્રતિ,

મે.ડીસ્ટ્રીક્ટ લાઇવલીહુડ મેનેજરશ્રી(NRLM),

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,

સુરત.

વિષયઃ- ઇઝ ઓફ લિવિંગ સર્વેક્ષણની કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓના માનદ વેતન ચુકવવા અંગેના બીલ પેન્ડીગ રહેવા બાબત

સંદર્ભઃ- અરજદારશ્રી કલ્પેશ પટેલ, મોજે.અમલસાડી, તા.માંડવી, જિ.સુરત અરજી ઓનલાઇન પોર્ટલ અરજી નં.૨૫૫૦

ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનુ કે અરજદારશ્રી કલ્પેશ પટેલ, મોજે. અમલસાડી, તા.માંડવી, જિ.સુરત દ્વારા સંદર્ભ હેઠળથી ભારત સરકારશ્રીના ગ્રામીણ વિકાસ તથા પંચાયત રાજ એમ બને મંત્રાલયો દ્વારા "ઇઝ ઓફ લિવિંગ" સર્વેક્ષણની કમાગીરી ગ્રામ પંચાયતના વી.સી.ઇ.દ્વારા કરાવવામાં આવેલ હતી. જેના માનદ મહેનતાણાના નાણા આજદીન સુધી બાકી હોય જેનું ચુકવણુ કરવા રજુઆત કરેલ છે, સદરહું બાબતે આપ સાહેબશ્રીને જણાવવાનું કે ઉક્ત સર્વેક્ષણની કામગીરીના નાણાના ચુકવણા કરવા માટે મે.નિયામક સાહેબશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સુરત દ્વારા તા.૩૦/૦૯/૨૦૨૩ ના રોજ હુકમ થયેલ હોય જે હુકમ અત્રેના તાલુકામાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતના વી.સી.ઇ.ને માનદ મહેનતાણાના નાણા ચુકવવા અંગે આપની કક્ષાએથી ઘટતું થવા વિનંતી છે.

બિડાણઃ- ઉપર મુજબ

તાલુકા વિકાસ અધિકારી
માંડવી જિ. સુરત

સવિનય નકલ રવાનાઃ-

માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિ સાહેબ, ગુજરાત રાજ્ય, બીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૨ ગાંધીનગર તરફ જાણ થવા સારૂ.

# જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સુરત

આયોગ - સંગઠન - સમૃદ્ધિ

શ્રીજી આર્કેડની સામે, આનંદ મહલ રોડ, અડાજણ, સુરત–૩૯૫૦૦૯

(EPBX) ૦૨૬૧–૨૭૮૦૨૭૨, ૨૭૮૦૨૭૩,

(Director) ૦૨૬૧–૨૭૮૦૨૭૫, ૨૭૮૪૩૨૯

(Fax) ૦૨૬૧–૨૭૯૫૭૧૫

Email: (1) drda.sur@gmail.com

(2) drda-sur@gujarat.gov.in


નં.ગ્રા.વિ./EOL/માનદવેતન/વશી ૨૫૩-૨૫૫ /૨૦૨૩ — તા.૩૦/૦૯/૨૦૨૩

<u>વાંચનમાં લીધું:-</u>

(૧) અધિક કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ,ગુજરાત રાજય ગાંધીનગરના પત્રાંક નં./ગવક/ EOL/વશી/૧૧૩૯/૨૦૨૦, તા.૦૬/૦૨/૨૦૨૦,

(૨) અત્રેની કચેરીના પત્રાંક નં.ગ્રા.વિ./EOL/વશી/૩૦૦૨-૩૦૧૦/૨૦૨૧,તા.૧૮/૦૩/૨૦૨૧,

(૩) આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી,માંડવીના પત્રાંક નં.તા.પં/મિ.અં./મા.વે.ચુકવણા/વશી-તા.૨૪/૦૮/૨૦૨૩.

(૪) મેનેજીંગ ડીરેક્ટરશ્રી,જી,એલ.પી.સી., ગાંધીનગરના પત્રાંક.નં.જી,એલ.પી.સી./એકાઉન્ટ/૩૬૨૩-૩૭૨૨/૨૦૨૦, તા.૦૬/૦૩/૨૦૨૦.

<u>હુકમ:-</u>

ભારત સરકારશ્રીના ગ્રામીણ વિકાસ મંત્રાલય અને પંચાયતી રાજય મંત્રાલય દ્વારા સામાજિક આર્થિક અને જાતિ આધારિત SECC-2011ના સર્વેના આધારે વંચિતતાની યાદીમાં આપોઆપ સમાવેશ કરવામાં આવેલ કુટુંબો તેમજ વંચિતતા ધરાવતા કુટુંબોના જીવનમાં ભારત સરકારશ્રી તેમજ રાજ્ય સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓના પરીણામે સરળીકરણ થયેલ છે કે કેમ? તેની જાણકારી મેળવવા મોબાઈલ એપ્લીકેશન દ્વારા ઇઝ ઓફ લિવિંગ સર્વેક્ષણની કામગીરી કરવા જણાવેલ હતું.

આમુખ-(૧) હેઠળના પત્રથી ભારત સરકારશ્રી દ્વારા ઇઝ ઓફ લિવિંગ સર્વેક્ષણની કામગીરી ગ્રામ્ય વિસ્તારમાં વસતા વંચિતતાની યાદીમાં આપોઆપ સમાવેશ થયેલા કુટુંબો કે જે વંચિતતા ધરાવતા ૨૦ કુટુંબોનો(પ્રતિદિન) સંપર્ક કરી, બે વ્યક્તિઓની એક ટીમ બનાવી આ કામગીરી સાથે સંકળાયેલ ગણતરીદારોને માનદવેતનની ચુકવણીનો દર રૂ.૨૨૦ પ્રતિદિન અને રૂ.૧૧૦ મુસાફરી ભથ્થાં દર તરીકે ગણતરી કરી માનદવેતન ચુકવવા જણાવેલ છે.

આમુખ-(૨) હેઠળના પત્રથી ઇઝ ઓફ લિવિંગની કામગીરી સાથે સંકળાયેલ ગણતરીદારો/કર્મચારીઓની વિગતો નિયત પત્રકમાં તૈયાર કરી વિગતવાર દરખાસ્ત અત્રે મોકલી આપવા જણાવેલ હતું.

આમુખ-(૩) હેઠળના પત્રથી આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી,માંડવી પાસેથી ઇઝ ઓફ લિવિંગ સર્વેક્ષણની કામગીરી સાથે સંકળાયેલ કર્મચારીઓની વિગતો હુકમ તેમજ બીલ તથા કામગીરી પૂર્ણ કર્યા બદલનું પ્રમાણપત્ર સાથે અત્રે મળેલ છે.

આમુખ-(૪) હેઠળ સદર કામગીરી અંગેનો માનદવેતનનો ખર્ચ <u>**NRLM યોજનાની**</u> ઉપલબ્ધ ગ્રાંટમાંથી કરી <u>**NRLM-IBCB**</u> સદરે ઉધારવા આથી હુકમ કરવામાં આવે છે.

<u>બિડાણ:-</u> આમુખ-(૩) મુજબ અસલ બીલ

નિયામક
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
સુરત

પ્રતિ,

ડીસ્ટ્રીક્ટ લાઈવલીહુડ મેનેજરશ્રી(NRLM), જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,સુરત

૨/- આ સાથે બીલ સામેલ છે. જે મુજબ ચુકવણુ કરવા સારૂ.

<u>નકલ રવાના:-</u>

આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી,માંડવી.તા.પં.કચેરી,માંડવી.જિ.સુરત તરફ જાણ સારૂં.